	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૦૪/૦૩/૨૦૨૨ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૪૧૫/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૩/૦૩/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧							
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત							
અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૯	૦	૧૨૯	૪૦૩	૦	૪૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૩	૧	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૮૨	૦	૧૦૦૬૮૨	૧૦૯૫૮૦	૧	૧૦૯૫૮૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૮	૫,૨૧,૬૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૦	૯૦,૦૦૦/-

નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૧૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૦૭ લીટર દેશી દારૂ, ૧૫૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૬૦ બિયર ટીન અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૧૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૪૧૮/૨૦૨૨**

વસ્ત્રાપુરઃ પુનમબહેન વા/ઓ કાંતિભાઇ વાસવાની (ઉ.વ.૩૫) (રહે. સનબ્રીજ ટાવર એવન સ્કુલ સામે સુભાષચોક પાસે મેમનગર) એ તા.૦૩/૦૩/૨૦૨૨ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૧૧/૨૦૨૧ થી તા.૨૯/૧૧/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ પુનમ વાસવાનીના મોબાઈલ ઉપર લીંકનો ટેક્સ મેસેજ મોકલતા ટેક્સ મેસેજ ખોલતા વોટ્સએપ નંબર ૮૧૪૬૯૪૦૯૮૮ ના ધારકે વોટ્સએપ મેસેજ કરી, નોકરી મેળવવા માટે જણાવતા, પુનમ વાસવાની એ હા પાડતા, તેઓએ ફોર્મ મોકલી નોકરી માટે વર્ક ઓર્ડર આપવાનુ જણાવી, પુનમ વાસવાનીનો બાયોડેટા તેમજ બેન્કની વિગત મોકલી ઓનલાઈન સો રૂપિયા ટ્રાન્સફર કરવાનુ કહેતા, પુનમ વાસવાનીએ સો રૂપિયા ટ્રાન્સફર કરતા સામેથી ૪૦૦ રૂપિયા પરત ટ્રાન્સફર કરી વિશ્વાસમાં લઈ પુનમ વાસવાની અને તેમના પતિના ખાતામાંથી કુલ રૂપિયા ૧,૫૬,૪૯૦/- ઓનલાઇન ટ્રાન્સફર કરાવી વર્ક ઓર્ડર નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.જી.ખાંભલા ચલાવે છે.

કૃષ્ણનગરઃ વિપુલભાઇ દિલીપભાઇ પટેલ (ઉ.વ.૨૫) (રહે. આસ્થા બંગ્લોઝ ડી માર્ટ પાસે નિકોલ નરોડા રોડ) તા.૦૩/૦૩/૨૦૨૨ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે વિપુલભાઇ પટેલ નિકોલ રોડ પંચમમોલ સામે આવેલ ગીરીરાજ કોમ્પલેક્ષ દુકાન નંબર-૫ કોસમોસ ઇલેક્ટ્રોનીક્સ નામની દુકાન ધરાવી ધંધો કરતા હોઈ તા.૧૭/૦૫/૨૦૨૧ થી તા.૧૮/૦૫/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી આનંદભાઇ દિનેશભાઇ લખાણી (રહે. મહાવીરનગર સોસાયટી રઘુવીર ચાર રસ્તા પાસે અમરોલી સુરત) ઇલેક્ટ્રોનીકનો સરસામાન મોકલવાનુ કહી વિપુલભાઈ પટેલ પાસેથી રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- મેળવી લઈ ઇલેક્ટ્રોનીકનો સરસામાન રૂપિયા ૪,૧૮,૦૦૦/- મોકલાવી બાકીનો ઇલેક્ટ્રોનીકનો સરસામાન કિમત રૂપિયા ૫,૮૨,૦૦૦/- નહી મોકલી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.સાકરીયા ચલાવે છે.

સોનાનું મંગળસુત્ર ખેંચી તોડી લઇ ગયાઃ- **સમાચાર યાદી નં.૪૧૯/૨૦૨૨**

ચાંદખેડાઃ જયશ્રીબહેન વા/ઓ યોગેશભાઇ મીસ્ત્રી (ઉ.વ.૩૬) (રહે.શકલ રેસીડેન્સી સાકાર સ્કુલની બાજુમાં ન્યુ સી.જી.રોડ ચાંદખેડા) તા.૦૩/૦૩/૨૦૨૨ કલાક ૬/૩૦ વાગ્યાના સુમારે ચાંદખેડા ન્યુ સી.જી.રોડ અશોક આવાસ યોજનાની સામે અમદાવાદ મ્યુન્સીપલ ગાર્ડન આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ જયશ્રીબહેન મીસ્ત્રીના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર પેડલ સાથે કિમત રૂપિયા ૭૮,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જયશ્રીબહેન મીસ્ત્રીએ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૪૨૦/૨૦૨૨**

ચાંદખેડાઃ રીતુબહેન ડો/ઓ મનમોહનસિંગ બીસ્ટ (ઉ.વ.૩૩) (રહે. આદિત્ય ગ્રીન્સ સહજાનદ સીટી બંગ્લોઝ સામે ન્યુ.સીજી.રોડ ચાંદખેડા) એ તા.૦૩/૦૩/૨૦૨૨ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૩/૨૦૨૨ કલાક ૧૧/૧૫ વાગ્યાના સુમારે ચાંદખેડા ગામ ચંદ્રેશ્વર મહાદેવ મંદીર ખાતે દર્શન કરવા ગયા હતા ત્યારે અજાણી વ્યક્તિએ રીતુબહેન બીસ્ટની નજર ચુકવી પાકીટમાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

વીજ કરંટ લાગતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૪૨૧/૨૦૨૨**

વાસણાઃ ઇસ્માઇલ મુસ્લીમ હક્ક (ઉ.વ.૩૫)(રહે.વિનોબાનગર કાચા છાપરા, પેરેડાઇઝ કોમ્પલેક્ષની બાજુમાં હાથીજણ) તા.૩/૩/૨૦૨૨ કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે જીવરાજ મહેતા હોસ્પીટલ સામે ગટર લાઇનનું કામ કરતા હતા ત્યારે પાણીની ઇલેક્ટ્રીક મોટરને અડતા વિજ કરંટ લાગતા બેભાન થઈ જતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ લઈ જતા સારવાર દરમ્યાન તા.૦૩/૦૩/૨૦૨૨ સવારના ૯/૫૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ગુલાબસિંહ સવજીભાઇ ચલાવે છે.

ટ્રેઇનની અડફેટે આવી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૪૨૨/૨૦૨૨**

સરખેજઃ કુલીબહેન વા/ઓ રતિલાલ મારવાડી (ઉ.વ.૩૫)(રહે.સનાથલ બ્રીજની નીચે કાચા છાપરામાં સનાથલ) તા.૦૩/૦૩/૨૦૨૨ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે સનાથલબ્રીજ નીચેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટ્રેઇનની અડફેટમાં આવી જતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૪૨૩/૨૦૨૨**

વાડજઃ રિતીકાબહેન કમલભાઇ રાઠોડ (ઉ.વ.૧૮)(રહે.ગાંધીનગર સોસાયટી જુનાવાડજ) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૩/૨૦૨૨ કલાક ૧૧/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પિટલ ખાતે લઈ જતા સારવાર દરમ્યાન તા.૦૩/૦૩/૨૦૨૨ કલાક ૧૧/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.પી.મલ્હોત્રા ચલાવે છે.

ગુજરાત યુનિવર્સીટીઃ શૈલેષભાઈ હરગોવનભાઈ પરમાર (ઉ.વ.૨૯)(રહે.ગુજરાત લેબ નારણપુરા એ.ઇ.સી. સામે) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૨/૨૦૨૨ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને ગાંધીનગર સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૨/૦૩/૨૦૨૨ રાતના ૧૦/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સુરેશભાઇ ગાભાભાઈ ચલાવે છે.

રામોલઃ કોકિલાબેન પરેશભાઇ પટેલ (ઉ.વ.૩૦)(રહે,પ્રફુલનગર વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૨/૨૦૨૨ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૩/૦૩/૨૦૨૨ કલાક ૨/૩૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એ.રાયજાદા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.